# <u>માન. જીલ્લા કલેકટરશ્રી વિજયભાઈ ખરાડી દ્વારા કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આકૃયુ, દાહોદની મુલાકાત</u>

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, મુવાલીયા ફાર્મ, દાહોદ ખાતે તારીખ ૨૪/૧૦/૧૮ ના રોજ દાહોદ માન. જીલ્લા કલેકટરશ્રી વિજયભાઈ ખરાડી દ્વારા મુલાકાત લેવામાં આવી. કૃષિ વિજ્ઞાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા, ડૉ. યુ. એમ. પટેલ દ્વારા સંસ્થા દ્વારા ચાલતી વિવિધ ખેડુતોપયોગી પ્રવૃત્તિઓ અંગે કલેકટરશ્રીને માહિતગાર કરવામાં આવ્યા. કલેકટરશ્રી દ્વારા કેવિકે ની કામગીરીને બિરદાવવામાં આવી તેમજ આવનારા દિવસોમાં દાહોદ જિલ્લામાં કૃષિ વિકાસ અંગે વધુ અસરકારક કામગીરી કરવા માર્ગદર્શન અને શુભેચ્છા સાથે વિદાય લીધી. કલેકટરશ્રીના સુચનો અંગે વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડા દ્વારા અમલ કરવાની ખાતરી આપવામાં આવી. આ પ્રસંગે કૃષિ વિજ્ઞાન કેન્દ્રના શ્રી. એચ. એલ. કાચા, વૈજ્ઞાનિક (બાગાયત), શ્રી એન. કે. રાઠોડ, વૈજ્ઞાનિક (પા.સં.), ડો. રાધા રાની, વૈજ્ઞાનિક (પશુપાલન), શ્રી એન. ડી. મકવાણા, વૈજ્ઞાનિક (સસ્ય વિજ્ઞાન) અને શ્રી જી. કે. ભાભોર, વૈજ્ઞાનિક (વિસ્તરણ શિક્ષણ) હાજર રહ્યા હતા.









कृषि विज्ञान केन्द्र, दाहोद


કૃષિ વિજ્ઞાન કેન્દ્ર
આણંદ કૃષિ યુનિવર્સિટી
દાહોદ
આપનું
હાર્દિક સ્વાગત કરે છે